# બાબા મુક્તાનંદની સમયાતીત શિખામણો

## પરિચય

*શ્રીગુરુના શબ્દો મંત્ર છે.* આ 'શિવસૂત્ર'નું એક સૂત્ર છે જેને સિદ્ધયોગ પથ પર ઘણીવાર શીખવવામાં આવે છે અને શ્રીગુરુની શિખામણોનું અધ્યયન શરૂ કરતી વખતે આ સૂત્રને સમજવું અત્યંત જરૂરી છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૨૬માં સિદ્ધયોગીઓ અને નવા જિજ્ઞાસુઓ અત્યાર સુધી જે અધ્યયન કરી રહ્યા છે, ખાસ કરીને "શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન" અને "સ્વામી મુક્તાનંદનાં વચનો પર ધ્યાન"ના માધ્યમથી, એ અધ્યયનનો આધાર આ જ સિદ્ધાંત છે.

મે મહિનામાં — બાબા મુક્તાનંદના જન્મદિવસના મહિનામાં — તમારી પાસે બાબાજીની શિખામણો પર મનનચિંતન કરવાનો અને બાબાજીના શબ્દોમાં નિહિત શક્તિને ઉજાગર કરવાનો, તેનું અન્વેષણ કરવાનો અને તેનો અનુભવ કરવાનો હજી એક સુઅવસર રહેશે. દર અઠવાડિયે, સિદ્ધયોગ પથની વેબસાઇટ પર બાબાજીની એક શિખામણ પ્રકાશિત કરવામાં આવશે અને તેની સાથે એ શિખામણની વ્યાખ્યા પણ હશે. આ વ્યાખ્યાઓ સિદ્ધયોગ પથના એ અનુભવી વિદ્વાનો અને લેખકો દ્વારા લખવામાં આવી છે, જેઓ સંસ્કૃત ભાષા, ભારતનાં શાસ્ત્રો અને સિદ્ધયોગની શિખામણોના તેમના જ્ઞાનના આધારે એ શિખામણનાં એક અથવા વધારે પાસાંઓને સ્પષ્ટપણે સમજાવે છે.

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.